| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | 150 YEARS OF CELEBRATING THE MAHATMA |

**તા.૦૬/૦૨/૨૦૨૫ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૮૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૨૩૮ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૮૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૮૭/૨૦૨૫**

**ચાંદખેડાઃ** મોઈનભાઈ ગુલામકાસમ નાંદોલીયા (ઉ.વ.૨૬) (રહે.વિઠ્ઠલ ફાર્મ ૧ શ્રી હરીગ્રીનની સામે સંગાથ પ્યોર આઈ.પી એલ.ની બાજુમાં ઝુંડાલ સર્કલ ચાંદખેડા) એ તા.૦૫/૦૨/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોઈન નાંદોલીયા મોઈન ટ્રેડીંગ નામની દુકાન ધરાવી કોસ્મેટિક ચીજ–વસ્તુઓનો ધંધો કરતા હોય સરકારશ્રી દ્બારા નાના ધંધાર્થીઓ માટે 'મુદ્રા લો' યોજના હેઠળ લોન મળતી હોય મોઈન નાંદોલીયાએ લોન મેળવવા માટે ચાંદખેડા નક્ષત્ર કોમ્પલેક્ષ ફીન કેપીટલ ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ ખાતે આરોપી દિલીપભાઈ મલ્લાહ નાઓનો સંપર્ક કરતા તેઓએ કેન્દ્ર સરકારશ્રીની મુદ્રા લોનના અધિકૃત એજન્ટ હોવાનો વિશ્વાસ અને ભરોષો આપી માહે નવેમ્બર–૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન લોનની પ્રોસેસ માટે મોઈનભાઈ નાંદોલીયાના ડોક્યુમેન્ટ મેળવી લઈ તેનો ઉપયોગ કરી ખોટા બીલો તથા ક્વોટેશન સાચા તરીક ઉપયોગ કરી બેંકમા રજુ કરી મોઈનભાઈ નાંદોલીયાના નામે રૂપિયા ૯,૩૮,૭૯૦/– મુદ્રા લોન મંજુર કરાવી એસ.પી.ટ્રેડલીંકના ખાતામાંથી પોતાના બેંક ખાતામાં મેળવી લઇ તેમજ મુદ્રા લોનના માસિક હપ્તા મોઈનભાઈ નાંદોલીયા પાસેથી કુલ રૂપિયા ૨,૦૦,૫૧૨/– ભરાવી મોઈનભાઈ નાંદોલીયા તેમજ સરકારશ્રી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

**નવરંગપુરાઃ** અજય શાંતારામ સાલુકે (ઉ.વ.૪૫) (રહે. ગ્રીસ્મા ઈન્કલેવ રવીગૃપ ફૈસ ફોર મીરા બાહિન્દ્ર કોર્ટની બાજુમાં મીરા રોડ પુર્વ થાને) એ તા.૦૫/૦૨/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓકટોમ્બર–૨૦૨૪ થી તા.૨૪/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી શિવમ નિલેશભાઈ ઠકકર (રહે. ત્રીયદા એપાર્ટમેન્ટ ઠકકરબાપાનગર અમદાવાદ) એ અજય સાલુકેની નવરંગપુરા સ્ટેડીયમ છ રસ્તા પાસે આવેલ અંબાલાલ એવન્યુ ઓફિસ નં–૨/૩ મુથ્થુટ ફોરેકસ લીમીટેડની બ્રાન્ચ ખાતે મુથ્થુટ ફોરેકસ લીમીટેડની બ્રાન્ચમાં કંપનીની અલગ–અલગ બ્રાન્ચમાંથી અલગ–અલગ વિદેશી કરન્સી જેની ઈન્ડીયન કરન્સી પ્રમાણે રૂપિયા ૨૭,૦૩,૮૦૦/– તથા રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩૧,૦૩,૮૦૦/– ઉચાપત કરી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

**સોનાની ચેઇન અને સોનાનું મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૮૮/૨૦૨૫**

**ચાંદખેડાઃ** રાખીબહેન વા/ઓ મહેશભાઇ નગરીયા (ઉ.વ.૪૨) (રહે.આર્યમન ગ્રેસીયા ફ્લેટ ધરતી સિલ્વર પાસે માનસરોવર રોડ ચાંદખેડા) તા.૨૪/૦૧/૨૦૨૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ધરતી એક્ઝોટીકા પાસે હિરાધન સીટી થી માનસરોવર રોડ તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગના એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ રાખીબહેન નગરીયાના ગળામાંથી સોનાની ચેઇન અને સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રાખીબહેન નગરીયાએ તા.૦૫/૦૨/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.આહીર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯/૨૦૨૫**

**ઈસનપુરઃ** આયુષ સ/ઓ દેવેન્દ્રકુમાર જૈન (ઉ.વ.૨૯) (રહે. શાકુન્તલ એપાર્ટમેન્ટ રામવાડી ટેકરા પાસે ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૨૦૨૫ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એ.બરંડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી